# :: <u>પરિપત્ર ક્રમાંક ૦૪ સને ૨૦૨૨</u> ::

ભારતની નામદાર સર્વોચ્ચ અદાલતમાં દાખલ થયેલ રીટ પીટીશન (સીવીલ) નં.૫૩૪/૨૦૨૦ (Bajaj Allianz General Insurance Company Priviate Ltd. **V/s.** Union of India & Ors.) ના કામે નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૧૬.૧૧.૨૦૨૧ના રોજના હુકમ થી આપવામાં આવેલ નિર્દેશાનુસાર મોટર એકસીટન્ડ કલેઈમ ટ્રીબ્યુનલો ધ્વારા મોટર અકસ્માત વળતર અંગેના કેસોમાં અરજદારોને સ્ત્રોત પર થતી ૧૦% થી ૨૦% સુધીની ટેક્ષ કપાતની અસમાનતાના નિવારણ માટે અત્રેના જિલ્લાની તમામ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલોમાં પડતર મોટર અકસ્માત વળતર અંગેના કેસોના અરજદારો તથા અરજદારોના વકીલશ્રીઓને આ પરિપત્ર જારી કરી જણાવવામાં આવે છે કે,

અત્રેના જિલ્લાની મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલોમાં પડતર તમામ મોટર અકસ્માત વળતર અંગેના કેસોના **જે અરજદારો પાસે પાન કાર્ડ ઉપલબ્ધ હોય તેઓએ પોતાના પાન કાર્ડની ઝેરોક્ષ નકલ** જે તે સંબંધિત મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં તથા **જે અરજદારો પાસે પાન કાર્ડ ઉપલબ્ધ ના હોય તેઓએ** પોતાના પાન કાર્ડ નંબર કઢાવવા માટે **સંબંધિત કચેરીમાં અરજી કરી દેવી** અને **તે અરજીની નકલ** પોતાના કેસમાં જે તે સંબંધિત મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં **નીચે આપેલ સમય મર્યાદામાં રજૂ કરી દેવાની રહેશે** અને પાન કાર્ડ આવ્યેથી તેની ઝેરોક્ષ નકલ તુરત જ અરજદારએ પોતાના કેસમાં રજૂ કરી દેવાની રહેશે. મોટર અકસ્માત વળતર અંગેના કેસોના જે અરજદારો પાસે પાન કાર્ડ ઉપલબ્ધ ના હોય તેઓએ **નવીન પાન કાર્ડ કઢાવવા માટેની મદદ મેળવવા માટે અત્રેની જિલ્લા કાનૂનિ સેવા સત્તા મંડળ, રૂમ નં.બી–૩૫ (પ્રથમ માળ), જિલ્લા ન્યાયાલય, વડોદરાની કચેરીનો સંપર્ક કરવો.**

તદુપરાંત, મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલોમાં પડતર તમામ મોટર અકસ્માત વળતર અંગેના કેસોના અરજદારો/અરજદારો તથા તેઓના વકીલશ્રીઓને જણાવવાનું કે, મોટર અકસ્માત વળતર અંગેના કેસોના અરજદાર/અરજદારો જે બેંકમાં પોતાનું ખાતું ધરાવતાં હોય તે અરજદાર/અરજદારોના **બેંક ખાતાની વિગતો બેંક પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ સહીત** પોતાના મોટર અકસ્માત વળતર અંગેના કેસમાં જે તે સંબંધિત મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ **નીચે આપેલ સમય મર્યાદામાં રજૂ કરવાની રહેશે.**

**ઉપર જણાવ્યા મુજબ પાન કાર્ડ અને બેંક ખાતા સંબંધિત તમામ કાર્યવાહી આ પરિપત્ર થયા તારીખથી તમામ સંબંધિતોએ દિન–૧૫માં પૂર્ણ કરવાની રહેશે અને અત્રેના જિલ્લાની તમામ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલોએ પણ આ અંગે ખાસ કાળજી લેવાની રહેશે.**



...\CONSTRUCTION\CIRCULAR.docx

ભારતની નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા ઉપરોકત કામમાં થયેલ હુકમ થી આપવામાં આવેલ નિર્દેશાનુસાર અત્રેના જિલ્લાની તમામ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલોને વધુમાં જણાવવાનું કે, જે તે ટ્રીબ્યુનલો ધ્વારા મોટર અકસ્માત વળતર અંગેના કેસોમાં જે કોઈ આખરી હુકમ/એવોર્ડ જાહેર કરવામાં આવે તેમાં જે તે કેસના અરજદાર/અરજદારોના પાનકાર્ડ અને બેંક ખાતા વિગેરે સંબંધિત તમામ વિગતો આવરી લેવાની રહેશે અને તે મુજબ વળતરની ચુકવણી માટે સંબંધિત વીમા કંપનીઓને પણ સુચના આપવાની રહેશે.

ઉપરોકત રીટ પીટીશનના કામે તા.૧૬.૧૧.૨૦૨૧ના રોજ ભારતની નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા કરવામાં આવેલ હુકમનો તથા આ પરિપત્રનો તમામ સંબંધિત ન્યાયાધીશશ્રીઓ, સંબંધિત કર્મચારીઓ, મોટર અકસ્માત વળતર અંગેના કેસોના તમામ સંબંધિત વકીલશ્રીઓ તથા સંબંધિત અરજદારોએ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

**સહી/–**

**જિલ્લા ન્યાયાલય, વડોદરા. ()** **(એમ.આર.મેંગદે)**
**તારીખ : ૨૯.૦૧.૨૦૨૨ ()** **મુખ્ય જિલ્લા ન્યાયાધીશ.**

**નકલ રવાના જાણ તથા ચુસ્તપણે અમલવારી કરવા સારૂં :**

(૧) ________ એડીશનલ ડીસ્ટ્રીકટ જજશ્રી, વડોદરા/વડોદરા મુકામ કરજણ/ડભોઈ/સાવલી.
(૨) પ્રિન્સીપાલ/_____ એડીશનલ સીનીયર સીવીલ જજ અને અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા/સાવલી/કરજણ/પાદરા/ડભોઈ.
(૩) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
(૪) પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, શિનોર/ડેસર/વાઘોડીયા.
(૫) પૂર્ણ–કાલીન સચિવશ્રી, જિલ્લા કાનૂનિ સેવા સત્તા મંડળ, વડોદરા.
(૬) ________ એડીશનલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વડોદરા/ડભોઈ/કરજણ/પાદરા/સાવલી/વાઘોડીયા.
(૭) જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, (પ્રથમ/બીજી/ત્રીજી/ચોથી/મ્યુનિસિપલ/ટ્રાફીક કોર્ટ), વડોદરા.
(૮) પ્રમુખશ્રી, બાર એસોસીએશન–વડોદરા, ડભોઈ, શિનોર, કરજણ, પાદરા, સાવલી, ડેસર અને વાઘોડીયા.
(૯) કોર્ટ મેનેજરશ્રી, જિલ્લા ન્યાયાલય, વડોદરા.
(૧૦) નાઝરશ્રી, જિલ્લા ન્યાયાલય, વડોદરા.
(૧૧) બેન્ચ કલાર્કશ્રી, મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ, વડોદરા.
(૧૨) જિલ્લા અદાલતની તમામ શાખાઓ.

**હુકમથી,**

**(પી.એમ.ત્રિવેદી)**
**રજિસ્ટ્રાર,**
**જિલ્લા ન્યાયાલય,**
**વડોદરા.**



...\CONSTRUCTION\CIRCULAR.docx